# ગુજરાતી

## તૃતીય વર્ષ બી.એ.(૨૦૦૨)ની પરીક્ષા માટે

**પ્રશ્નપત્ર-૬ (અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ) :**

ગુજરાતી સાહિત્યના અર્વાચીન ઇતિહાસ અને વિકાસની દૃષ્ટિએ મહત્ત્વના એવા તમામ મુદ્દાઓ આવરી લેવાય તે અપેક્ષિત છે. રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ઘડતરબળોને લક્ષમાં રાખી વિવિધ સાહિત્યિક લક્ષણો, વિવિધ સ્વરૂપોની વિકાસરેખા, જે તે સ્વરૂપમાં નોંધપાત્ર સિદ્ધિઓ આદિનો પરિચય સાહિત્યના ઇતિહાસના અધ્યયન માટે સાંકળી લેવાય તે ઇષ્ટ ગણાય.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં નીચે પ્રમાણે પાંચ વિભાગો રહેશે. પ્રત્યેક વિભાગમાંથી એક-એક અલગ પ્રશ્ન પુછાશે :

રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે ૧૪ મુદ્દાનો એક અને એક્સટર્નલ માટે ૨૦ મુદ્દાનો એક એવા પાંચ પ્રશ્નો પૂછવાનું રાખવું.

૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યના વિવિધ યુગોનો અભ્યાસ :

(૧) સુધારક યુગ (૨) પંડિતયુગ, (૩) ગાંધીયુગ, (૪) અનુગાંધીયુગ, (૫) આધુનિકયુગ

અહીં અર્વાચીન ગુજરાતી સાહિત્યના આ યુગવિભાગોનો નીચેના સંદર્ભે અભ્યાસ અપેક્ષિત છે :

૧. પ્રત્યેક યુગના પૂર્વાપર યુગોથી વ્યાવર્તક લક્ષણો.
૨. એ યુગોના સાહિત્યને ઘડનારાં મહત્ત્વનાં પરિબળો.
૩. એ યુગોમાં સાહિત્યક્ષેત્રે થયેલા નવપ્રસ્થાનો, પ્રદાનો અને નોંધપાત્ર સાહિત્ય પ્રવૃત્તિઓ.
૪. યુગના સાહિત્યકારો અને કૃતિઓના સંદર્ભે નોંધપાત્ર સિદ્ધિઓ-મર્યાદાઓનો પરિચય અપાય.

૨. અર્વાચીન ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર સર્જકો :

| | | |
|---|---|---|
| ૧. નર્મદ | ૫. રમણભાઈ નીલકંઠ | ૯. કનૈયાલાલ મુન્શી |
| ૨. દલપતરામ | ૬. ન્હાનાલાલ | ૧૦. સુન્દરમ |
| ૩. નવલરામ | ૭. ગાંધીજી | ૧૧. ઉમાશંકર જોશી. |
| ૪. ગોવર્ધનરામ | ૮. રા. વિ. પાઠક | ૧૨. સુરેશ જોષી. |

૩. નોંધપાત્ર કૃતિઓનો અભ્યાસ :

અહીં ઉપર ગણાવેલા સર્જકોની કૃતિઓનો અભ્યાસ અપેક્ષિત છે જ. સાથે ખુબ જ નોંધપાત્ર કે નમૂનારૂપ હોય એવી કૃતિઓનો પરિચય અપાય એ પણ જરૂરી છે.

| | | |
|---|---|---|
| ૧. કાન્તા | ૮. જન્મટીપ | ૧૫. અમૃતા |
| ૨. પૂર્વાલાપ | ૯. અમાસના તારા | ૧૬. સ્મરણયાત્રા |
| ૩. કલાપીનો કેકારવ | ૧૦. કુરુક્ષેત્ર (દર્શક) | ૧૭. અંગત |
| ૪. સમૂળી-ક્રાન્તિ | ૧૧. માનવીની ભવાઈ | ૧૮. ધ્વનિ |
| ૫. મહાદેવભાઈની ડાયરી-૧ | ૧૨. વિદિશા | ૧૯. છંદોલય |
| ૬. આગગાડી | ૧૩. પરિક્રમા | ૨૦. જનાન્તિકે |
| ૭. લોકસાહિત્યનું સમાલોચન | ૧૪. આંધી અષાઢ | |

૪. સાહિત્યસ્વરૂપોની વિકાસરેખા :

૧. નવલકથા ૨. નાટક (એકાંકી સહિત) ૩. નિબંધ ૪. ટૂંકીવાર્તા ૫. સોનેટ.

૫. કેટલાક અભ્યાસપાત્ર મુદ્દાઓ :

૧. નવલકથાકાર તરીકે : ર. વ. દેસાઈ, પન્નાલાલ પટેલ, ચૂનીલાલ મડિયા, ગુણવંતરાય આચાર્ય અને ચંદ્રકાન્ત બક્ષી

૨. નાટકકાર તરીકે : ચંદ્રકાન્ત મહેતા, શિવકુમાર જોષી, મધુ રાય, લાભશંકર ઠાકર

૩. ટૂંકી વાર્તાકાર : ધૂમકેતુ, જયંત ખત્રી, કિશોર જાદવ

૪. કવિતા ક્ષેત્રે : નરસિંહરાવ, બાલાશંકર ખબરદાર, હરિશ્ચંદ્ર ભટ્ટ, ઉશનસ્

૫. વિવેચન ક્ષેત્રે : પંડિતયુગના વિવેચકો, ગાંધીયુગના વિવેચકો, સાંપ્રત વિવેચન-સાહિત્ય.

૬. અન્ય : ૧. ગુજરાતીમાં પ્રવાસ સાહિત્ય
૨. ગુજરાતીનું હાસ્યરસનું સાહિત્ય
૩. ગુજરાતીનું ચરિત્રસાહિત્ય
૪. ગુજરાતીના લલિત-નિબંધકારો
૫. ગુજરાતી ગઝલ
૬. ગુજરાતીનાં સાહિત્યિક સામયિકો અને સંસ્થાઓ.

**કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો :**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ | : ગુજરાતી સાહિત્ય પરિષદ |
| ૨. | અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા | : ડૉ. ધીરુભાઈ ઠાકર |
| ૩. | અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ | : રમેશ ત્રિવેદી |
| ૪. | અર્વાચીન કવિતા | : સુન્દરમ |
| ૫. | આધુનિક કવિતા પ્રવાહ | : જયન્ત પાઠક |
| ૬. | ચાર વાર્તાકારો | : વિજય શાસ્ત્રી |
| ૭. | સુરેશ જોશીથી સુરેશ જોશી | : સુમન શાહ |
| ૮. | આત્મનેપદી | : સંપાદક સુમન શાહ |
| ૯. | સન્ધાન ૧, ૨, ૩, ૪ | |
| ૧૦. | અનુઆધુનિકતાવાદ | : ચંદ્રકાન્ત ટોપીવાળા |
| ૧૧. | સાહિત્યમાં આધુનિકતા | : સુમન શાહ |

**પ્રશ્નપત્ર ૭ : ભાષા-સામાન્ય અને ભાષાવિશેષ - ગુજરાતીના સ્વરૂપોનો અભ્યાસ**

આ પ્રશ્નપત્રમાં બધા મળીને પાંચ જ સવાલો પુછાશે. પ્રશ્નો માટે નીચે પ્રમાણે વિભાગો રહેશે. પ્રત્યેક વિભાગમાંથી એક-એક પ્રશ્ન પૂછવાનું રાખવું :

૧. ભાષાનો સામાન્ય પરિચય :

(૧) ભાષાનું માનવ વ્યવહારમાં સ્થાન અને એના વિવિધ ઉપયોગો જેવા કે, ભાષા લાગણી-વિચાર વ્યક્ત કરવાનું સાધન. સામાજિક વ્યવહારનું સાધન. સાહિત્યનું માધ્યમ. જ્ઞાન સાધન.

(૨) ભાષાની સ્તુતવાં કે લોકે આપેલી વ્યાખ્યાને આધારે ભાષાનાં મુખ્ય લક્ષણોનો પરિચય :

ભાષા એક સંકેત પદ્ધતિ, સંકેતોનું સ્વરૂપ, સંકેતોની યાદૃચ્છિકતા, સંકેતો સંઘટિત કે વ્યવસ્થાજન્ય હોય છે, એમા નવનિર્માણનાં ગુણ રહેલો છે એ બધી બાબતોનો પરિચય અપાય તે જરૂરી છે.

(૩) ભાષા-વ્યવસ્થાનાં વિવિધ સ્તરો :

અહીં ભાષા સંઘટનાના વિવિધ સ્તરો કે વ્યવસ્થાનો ખ્યાલ અપાય.

ધ્વનિ. રૂપો કે શબ્દો. વાક્યતંત્ર. શબ્દભંડોળ. આદિનો સામાન્ય ખ્યાલ.

(૪) માન્ય ભાષા અને બોલી વિશે સામાન્ય ખ્યાલ :

ભાષાના સામાજિક-સાંસ્કૃતિક-પ્રાસંગિક-વ્યાવસાયિક આદિ સ્વરૂપભેદોનો ખ્યાલ આપતા જઈ બોલી અને માન્ય ભાષાનું સ્વરૂપ કે ભેદ સ્પષ્ટ થાય તે રીતે અભ્યાસ.

૨. ગુજરાતી ભાષાના કુળક્રમ :

(૧) ભારતના ભાષાકુળો : આર્ય, દ્રવિડ, મોનખ્મેર અને ચીની-તિબેટી સ્થાન અને ભાષાઓ કે બોલીઓનો નિર્દેશ.

(૨) ભારત યુરોપથી ભારતીય આર્યના ઉદ્‌ગમ સુધીની સામાન્ય રૂપરેખા આપી ભારતીય આર્યની વિકાસરેખાના ત્રણ તબક્કાઓનો સામાન્ય પરિચય.

(૩) અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીનો વિકાસક્રમ અને ગુજરાતી ભાષાની ત્રણેય વિકાસભૂમિકાઓ અને ખૂબ જ મહત્ત્વના કે ભેદક લક્ષણોનો પરિચય અપાય.

(૪) ગુજરાતીનાં મહત્ત્વનાં ધ્વનિ પરિવર્તનો :

૧. સંયુક્ત વ્યંજનનો લોપ અને પૂર્વસ્વર દીર્ઘત્વ.

૨. અઇ અને અઉ એ સ્વરયુગ્મોનું પરિવર્તન.

૩. સાનુનાસિક સ્વરોનું નિર્માણ.

૪. એકલા ઇ-ઉ નું પરિવર્તન.

૫. મધ્યવર્તી અ નો લોપ

૬. સંયુક્ત વ્યંજનોનો વિશ્લેષ, લ, ળ, ક, ગ આદિ.

(૫) ગુજરાતીની બોલીઓની લાક્ષણિકતાઓનો પરિચય :

અહીં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર એ ચાર પ્રદેશોની બોલીના ઉચ્ચારણ, વ્યાકરણ અને શબ્દ ભંડોળની લાક્ષણિકતાઓને લક્ષમાં રાખી પરિચય.

૩. માન્ય ગુજરાતી ભાષા અંગેની જાણકારી :

(૧) માન્ય ગુજરાતીના ધ્વનિ ઘટકો :

અહીં સ્વર-વ્યંજન, સ્પર્શ-સંઘર્ષી, ઘોષ-અઘોષ વગેરે ભેદક લક્ષણોને લક્ષમાં રાખી માન્ય ગુજરાતીમાં ઉપયોગમાં લેવાતા ધ્વનિઓનો પરિચય.

(૨) ગુજરાતની શબ્દસિદ્ધિ :

અંગસાધક પૂર્વ-પ્રત્યયો અને પર-પ્રત્યયોની ઓળખ અને કાર્ય માત્ર નીચેના પ્રત્યયોના સંદર્ભે અભ્યાસ.

(અ) પૂર્વ-પ્રત્યયો : ૧. સંસ્કૃત : કુ, દુસ્, વિ, સમ્

૨. ગુજરાતી : અ, અણ, ક, વણ, સ

૩. ફારસી : કમ, ગેર, બદ, બિન, બે.

(આ) પર-પ્રત્યયો : ૧. નામિક : સંજ્ઞાસાધક

અ, પ, તા, ત્વ, આશ, આણ, આઈ, પણ અને ઈ, ગી, ગીરી

નામિક : વિશેષણસાધક

ઈ, ઈક, ઇય, વિન, (વી) આળુ, આળ, ગર, ખોર, દાર, બાજ,

૨. આખ્યાતિક : સંજ્ઞાસાધક

અન-અના, અણ-અણી, સક, આઇ, આણ, આવટ, તર, આમણ

આખ્યાતિક : વિશેષણસાધક : આઉ અને ઉ

૩. સ્વાર્થિક કે અંગવિસ્તારક

અ, ક, ડ, લ, ઈય - જેવા.

તત્સમ, તદ્‌ભવ, તદ્દેશ્ય, વિદેશી અને અર્વાચીન ભારતીય ભાષાઓમાંથી સ્વીકૃત શબ્દોના ઉલ્લેખ સાથે.

૪. ગુજરાતીના નામિક રૂપાખ્યાનો :

નામપદમાં પ્રવેશનાં રૂપો : નામપદને લાગતા પ્રત્યયોને યોગે નામના અંગો વિકારી-અવિકારીનો ખ્યાલ.

(૧) વચન-વ્યવસ્થા :

વચન વ્યક્ત કરવાની રીતો.

બહુવચનના 'ઓ' પ્રત્યયના પ્રયોગનું ક્ષેત્ર

વચન અંગેની લાક્ષણિક પરિસ્થિતિ અને બહુવચનના અર્થો આદિનો પરિચય.

(૨) વિભક્તિ-વ્યવસ્થા : વિભક્તિની ઓળખ, વિવિધ અર્થો વ્યક્ત કરવાની રીત : અપ્રત્યય, અપ્રત્યય-રૂપો

(૩) પ્રત્યયો : અનુગો અને નામયોગીઓ અને એમનું કાર્ય

(૪) લિંગ વિચાર

૫. આખ્યાતિક રૂપાખ્યાનો અને અન્ય પદરચનાઓ :

(અ) આખ્યાતના મૂળ અર્થવ્યસ્થાનો પરિચય : પુરુષ વચન અને કાળવ્યવસ્થા અને અર્થવ્યસ્થાનો પરિચય : પુરુષવચન અને લિંગવચનથી બનતા વિવિધક્રિયા રૂપો : ક્રિયા પદો કૃદંતનું જુદાપણું અને ઉપયોગો : સહાયકારકવાળા અને સંયુક્ત ક્રિયા રૂપોનો પરિચય ક્રિયા વિશેષણો : સંયોજકો ઉદ્‌ગારવાચકો અને નિપાતો : એમનું વાક્યગત કાર્ય સમજાવવું સાથે રૂપરચનાની દૃષ્ટિએ પણ પરીચય અપાય.

(બ) ગુજરાતી ભાષાનું (૧) શબ્દસંયોજ (૨) રવાનુકારી અને દ્વિરુક્ત પ્રયોગો (૩) સમાસરચના.

### કેટલાક મહત્ત્વના સન્દર્ભગ્રંથો

(૧) ગુજરાતી ભાષા અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ - જયન્ત કોઠારી
(૨) ગુજરાતી ભાષાનું સ્વરૂપ અને ધ્વનિ પરિચય - પ્રબોધ પંડિત
(૩) ગુજરાતી ભાષાનું વ્યાકરણ - યોગેન્દ્ર વ્યાસ
(૪) વ્યાકરણ વિમર્શ - ઊર્મિ દેસાઈ.
(૫) ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ—ડૉ. હરિવલ્લભ ભાયાણી.
(૬) ગુજરાતી ધ્વનિવ્યવસ્થાની વિચારણા—પિન્કી શાહ.

**પ્રશ્નપત્ર-૮ : સાહિત્ય-વિવેચનના સિદ્ધાંતો :**

**નોંધ : સમગ્ર અભ્યાસક્રમને આવરી લઈને કુલ પાંચ પ્રશ્નો પુછવાનું રાખવું.**

(ક) ૧. લલિતકલાની વિભાવના - તેને વિશેના ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોનાં મંતવ્યો — ૧૪ ગુણ
૨. સાહિત્યની કલાની વિભાવના અને તેને વિશેના ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોનાં મંતવ્યો.

(ખ) સામાન્ય પરિચય
૧. સંસ્કૃત કાવ્યશાસ્ત્રની વિવિધ વિચારધારાઓ : રસ, ધ્વનિ, વક્રોક્તિ, રીતિ, અલંકાર અને ઔચિત્ય.
૨. અર્વાચીન સાહિત્યની વિવિધ વિચારધારાઓ : પ્રશિષ્ટ સાહિત્ય, કૌતુકરાગી સાહિત્ય, વાસ્તવદર્શી સાહિત્ય, આધુનિક સાહિત્ય.

(ગ) ૧. કાવ્યની વ્યાખ્યા : સંસ્કૃત અને પાશ્ચાત્ય વિચારધારાઓના સંદર્ભે — ૨૮ ગુણ
૨. કાવ્યહેતુ : પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસ
૩. કાવ્યના પ્રયોજનો
૪. કાવ્યની શક્તિ : અભિધા, લક્ષણા અને વ્યંજના, લક્ષણાના મુખ્ય માત્ર છ પ્રકારો.

(ઘ) સર્જન પ્રક્રિયા સાથે સંકળાયેલાં અન્ય તત્ત્વો : — ૧૪ ગુણ
૧. અલંકાર
૨. છંદ-ગેયતા-લય
૩. કલ્પન
૪. પ્રતીક
૫. પુરાકલ્પન
૬. સાહિત્યના વિવિધ પ્રકારોનો સામાન્ય પરિચય (નવલકથા, નવલિકા, નાટક, ઊર્મિકાવ્ય, ગઝલ, સૉનેટ)
૭. પરંપરા અને પ્રયોગ.

(ચ) સર્જન ભાવન અને વિવેચન : — ૧૪ ગુણ
૧. અભિવ્યક્તિ અને પ્રત્યાયન
૨. સર્જન અને ભાવન - સહૃદય એક વિભાવના કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભા, વિવેચક એક વિભાવના
૩. સર્જન પ્રક્રિયા : અનુભૂતિ, દર્શન, કલ્પના, સર્જકતા, શૈલી, સાહિત્યિક રુચિ.
૪. વિવેચનનું સ્વરૂપ
  ૧. સિદ્ધાંત વિવેચન
  ૨. પ્રત્યક્ષ વિવેચન : વિવરણ, અર્થઘટન, સમજૂતી અને મૂલ્યાંકન
  ૩. કૃતિલક્ષી વિવેચન
  ૪. કર્તાલક્ષી વિવેચન
  ૫. ભાવકલક્ષી વિવેચન
  ૬. વિવેચનની પદ્ધતિ : ઐતિહાસિક, તુલનાત્મક, વર્ણનાત્મક.

### કેટલાક મહત્ત્વના સન્દર્ભ ગ્રન્થો

૧. ભારતીય સાહિત્યવિચાર મંજૂષા : ભેટાર્ડ-કેસારા
૨. અભિનવનો રસવિચાર : કેસારા નગીનદાસ પારેખ
૩. સાહિત્યવિવેચનના સિદ્ધાંતો : કેસારા નગીનદાસ પારેખ
૪. [illegible] : કેસારા નગીનદાસ પારેખ
૫. કાવ્યશાસ્ત્ર : નગીનદાસ પારેખ
૬. શૈલી અને સ્વરૂપ : ઉમાશંકર જોશી

૭. સાહિત્યિક વાદ : સં. અમૃતલાલ યાજ્ઞિક અને અન્ય.
૮. ભાવન-વિભાવન ભાગ ૧-૨ : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૯. સંજ્ઞાન : ડૉ. સુમન શાહ
૧૦. સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો : ડૉ. મણિલાલ પટેલ
૧૧. સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો : સતીશ વ્યાસ - વિજય શાસ્ત્રી
૧૨. ભારતીય કાવ્ય સિદ્ધાંત : જયંત કોઠારી - જદુભાઈ રાજપરા.

**પ્રશ્નપત્ર-૯ :**

આ પ્રશ્નપત્રમાં નીચે પ્રમાણે પાંચ મુદ્દાઓ અભ્યાસ માટે નિયત કરવામાં આવ્યા છે. પ્રત્યેકમાંથી ૧૪ ગુણનો એક-એક સવાલ પૂછવાનું રાખવું :

૧. વિચારવિસ્તાર
૨. છંદોની ઓળખ : નીચેના છંદોનો એમના બંધારણને લક્ષમાં રાખી અભ્યાસ :
અક્ષરમેળ : અનુષ્ટુપ, મંદાક્રાન્તા, શિખરિણી, પૃથ્વી, વસંતતિલકા, સ્રગ્ધરા, ઈન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, ઉપજાતિ, હરિણી, શાર્દૂલવિક્રીડિત, માત્રામેળ, ચોપાઈ, દોહરો, સવૈયા, કટાવ, મનહર, હરિગીત, ઝૂલણા.
૩. અલંકારોની ઓળખ : નીચેના અલંકારોનો એમની ઓળખની દૃષ્ટિએ અભ્યાસ :
ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, અતિશયોક્તિ, વ્યાજસ્તુતિ, સ્વભાવોક્તિ, શ્લેષ, અનન્વય, દૃષ્ટાંત, શબ્દાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ.
૪. કાવ્યનું રસદર્શન
૫. પ્રસંગાલેખન.

**કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો**

૧. બૃહદ પિંગળ - રા. વિ. પાઠક
૨. ભાષા છંદ અલંકાર પરિચય - મનોજ-દરુ-વિજય શાસ્ત્રી
૩. ગુજરાતી કવિતાનો આસ્વાદ - સુરેશ જોશી.
૪. સાહિત્યનો આસ્વાદ - મણીલાલ પટેલ
૫. કાવ્ય આસ્વાદો - પ્રસાદ બ્રહ્મભટ્ટ
૬. કાવ્ય રસ - વિજય શાસ્ત્રી
૭. છાન્દસા - કાંતિલાલ કાલાણી.
૮. કાવ્યપદ - સુમન શાહ
૯. કાવ્યસંવાદો - રાધેશ્યામ શર્મા.

**પ્રશ્નપત્ર-૧૦ : બે વિશિષ્ટ કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ :**

૧. 'પ્રેમપચીસી' - વિશ્વનાથ જાની
૨. 'સરસ્વતીચંદ્ર ભાગ ૧' : ગોવર્ધનરામ માધવરામ ત્રીપાઠી

**કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો**

૧. ગુજરાતી મધ્યકાલીન સાહિત્ય : અનંતરાય રાવળ
૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય : રમેશ ત્રિવેદી
૩. ગોવર્ધન શતાબ્દી ગ્રંથ : સં. ઉપેન્દ્ર પંડ્યા
૪. ગોવર્ધનરામ–એક અધ્યયન : રમણલાલ જોશી
૫. ગોવર્ધન પ્રતિભા : સં. રમણલાલ જોશી
૬. સરસ્વતીચંદ્ર–વિસરાયેલા વિવેચનો : જયંત કોઠારી
૭. વિશ્વનાથ જાની–એક અધ્યયન : મહેન્દ્ર દવે
૮. સંનિધાન પુસ્તક-૯ તંત્રી : સુમન શાહ
૯. સરસ્વતીચંદ્ર : સારસમીક્ષા - રમેશ ત્રિવેદી.
લેખન કૌશલમાંથી બે પ્રશ્નો પૂછવાનું રાખવું

પ્રશ્નપત્ર-૧૧ :

૧. નિબંધલેખન ... ૩૫ ગુણ

૨. અરજીલેખન ... ૧૦ ગુણ

૩. લેખનકૌશલ ... ૨૫ ગુણ

૧. જોડણી, દસ ગુણ ૨. પર્યાયવાચી શબ્દો, પાંચ ગુણ, ૩. વિરુદ્ધાર્થી શબ્દો, પાંચ ગુણ,
૪. શબ્દસમૂહ માટે એક શબ્દ પાંચ ગુણ.

૧. નિબંધો :

૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમલક્ષણાભક્તિ
૨. મધ્યકાલીન ગુજરાતી આખ્યાન
૩. મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તા
૪. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં તત્ત્વદર્શન
૫. ગુજરાતી રંગભૂમિ
૬. પાશ્ચાત્ય સાહિત્યનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ
૭. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતા
૮. ગુજરાતી અછાંદસ કવિતા
૯. ગુજરાતી ચરિત્રસાહિત્ય
૧૦. સાહિત્ય અને સમાજાભિમુખતા
૧૧. ગુજરાતીમાં સાહિત્યિક પત્રકારત્વ
૧૨. સાહિત્ય અને સમૂહમાધ્યમો
૧૩. મારી પ્રિય (પ્રશિષ્ટ) સાહિત્યકૃતિ.

નિબંધમાંથી ચાર નિબંધો અંગે પ્રશ્ન પૂછી કોઈપણ એક વિશે લખવાનું કહેવું. લેખન કૌશલમાંથી જોડણી માટે ૧૫ ગુણનાં અને બાકીના માટે ૧૦ ગુણનો સવાલ પૂછવો.

નોંધ : ઉપરના છયે પ્રશ્નપત્રોના નોંધપાત્ર મુદ્દાઓને આવરી લે તેવાં ઓછામાં ઓછાં ત્રણ-ત્રણ લખાણો સત્રદીઠ તૈયાર કરવાં આવશ્યક છે.

## સન્દર્ભગ્રંથો


૧. મધ્યકાલીન ભક્તિપ્રવાહ : ડૉ. નિપુણા પંડ્યા
૨. આખ્યાન-સ્વરૂપ અને વિકાસ : ડૉ. શિરીન ઓઝા
૩. મધ્યકાલીન સાહિત્ય પ્રકારો : મંજુલાલ મજમુદાર
૪. બાર સાહિત્યસ્વરૂપો : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૫. સ્વરૂપ સંનિધાન : સં. સુમન શાહ
૬. સાહિત્ય અને સમૂહ માધ્યમો : ડૉ. પ્રીતિ શાહ
૭. મીડિયા–મેસેજ : સુમન શાહ
૮. સાહિત્યમાં આધુનિકતા : સુમન શાહ
૯. આધુનિક ગુજરાતી કવિતા : ભોળાભાઈ પટેલ
૧૦. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદ : પ્રમોદકુમાર પટેલ
૧૧. આત્મકથા-સ્વરૂપ અને વિકાસ : ડૉ. રસીલા કડિયા
૧૨. આત્મકથા : સતીશ વ્યાસ
૧૩. જીવનકથા : મણિલાલ પટેલ
૧૪. સન્દર્ભ : જયન્ત કોઠારી
૧૫. ૩૭ સાહિત્યિક નિબન્ધો : મફત ઓઝા
૧૬. સાહિત્યિક નિબન્ધો : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૧૭. આપણી રંગભૂમિ : ભરત દવે
૧૮. ગુજરાતી નાટકનો ઉદ્‌ભવ અને વિકાસ : મહેશ ચોક્સી.